ક્રિ. કેસ નંબરઃ૭૩૮૮૭/૨૦૧૮

આંકઃ૧ નીચે હુકમ :–

---

આ ફરિયાદ ઘણી જુની છે. સદર કેસ કે જે સને વર્ષ–૨૦૧૮ની સાલમાં દાખલ કરવામાં આવેલ છે. ફરિયાદપક્ષ તર્ફે આ કેસની કાર્યવાહી આગળ ચલાવવા સારુ લાંબા સમયથી કોઈ પ્રયત્ન થયાનુ જણાયેલ નથી. જેથી સદર કામના ફરિયાદીનો અન્ય એક કેસ કે જે અત્રેની અદાલત સમક્ષ ક્રિમીનલ કેસ નં. ૭૩૮૮૫/૨૦૧૮ થી પેન્ડીગ રહેલ હતો. જેથી આ કામે ફરિયાદીને અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવા અગાઉ આંક–૭ થી નોટીસ કાઢવામાં આવેલ હતી જે નોટીસ " સદર નોટીસની બજવણી કરી મુદતે હાજર રહેવાની સમજ કરેલ હોવાના " શેરા સાથે સદર નોટીસ પરત ફરેલ છે આમ, ફરીયાદીને નોટીસની બજવણી થયેલ હોવા છતા તે બાદ ફરિયાદી જાતે કે વિ.વ.શ્રી મારફતે હાજર રહેલ નથી. આજરોજ વારંવાર પોકાર કરાવતા ફરિયાદી કે, તેમના વિ.વ.શ્રી ગેરહાજર છે તેમજ કોઈ મુદત અરજી પણ રજુ કરવામાં આવેલ નથી. આમ, ફરિયાદીને સદર કેસ આગળ ચલાવવામાં કોઈ રસ હોય તેવુ જણાતુ નથી તેમજ સદર કેસ ૭ વર્ષ જુનો હોય તેમજ **ટારગેટેડ** કસોની સંખ્યામાં સમાવિષ્ટ થતો ઉપરાંત જુના કેસ સ્પીડી ડિસપોઝલ કરવા નામદાર હાઈકોર્ટ તથા નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા વખતો વખત હુકમ પસાર કરવામા આવતા હોય છે. જે ધ્યાને લીધા. વધુમાં, હાલના કેસની કાર્યવાહી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ અન્વયે છે તે કાર્યવાહી સમય મર્યાદામાં પૂર્ણ કરવાની જોગવાઈ છે, કેસ આગળ ચાલે તેવો પ્રયત્ન લાંબા સમય થી થયેલ નથી પક્ષકાર તથા વકીલશ્રીની ગેરહાજરીમાં લાંબા સમય સુધી કેસ જે તે સ્ટેજે મુકી રાખવો યોગ્ય જણાતુ નથી.

રેકર્ડકીય વિગત નજર સમક્ષ રાખી ક્રિ.પ્રો.કોડ કલમ–૨૫૬ વંચાણે લીધી, સદર કલમની જોગવાઈ જણાયેલ કાયદાકીય પ્રાવધાન વંચાણે લેતાં, તેમાં જણાવેલ છે કે, સમન્સ કેસના કામે સુનવણી માટે કામ મુલત્વી રહેલુ હોય તેવા સમયે ફરિયાદી હાજર ન થાય તો મેજીસ્ટ્રેટ કોઈ કારણસર કેસની સુનવણી બીજા કોઈ દિવસ પર મુલત્વી રાખવાનુ યોગ્ય લાગે તે સિવાય આરોપીને નિદોર્ષ ઠરાવી છોડી મુકવા જોઈએ તેવુ જણાવેલ છે.

આ સબંધે નામ.સુપ્રીમ કોર્ટે એસ.રામાક્રિષ્ના વિ. રામીરેડ્ડી, (૨૦૦૮)(૦) એ.આઈ.આર. (એસ.સી.) ૨૦૬૬ના ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત મુજબ ફરિયાદીને અચોકકસ સમયગાળા માટે ફરિયાદ પડતર રાખી મુકવા માટે અનુમતિ આપી શકાય નહી તે સાથોસાથ નામ.ગુજરાત હાઈકોર્ટનો ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ક્રીમીનલ અપીલ નંબરઃ ૨૪૦૫/૦૯ તા.૧૮.૧.૧૦નો ચૂકાદો ધ્યાને લેતાં તેમાં નામ.ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, ફરિયાદી કે તેમના વિ.વ.શ્રી લાંબા સમયથી કાર્યવાહીમાં હાજર રહેતા ન હોય કે કાર્યવાહી આગળ ધપાવવા કોઈ સક્રીય પ્રયાસ કરતાંના હોય તો તેને ફરિયાદ પક્ષની બેદરકારી કહેવી પડે અને તેવી બેદરકારી સબબ ફરિયાદ રદ થવાને પાત્ર છે. વધુમા નામદાર સર્વોચ્ચ અદાલતના ઈન્ડીયન બેંક એસોસીએશનનો ન્યાયીક નિણર્ય મા નામદાર સર્વોચ્ચ અદાલતે કરેલા અવલોકન ધ્યાને લઈ આપેલ ડાયરેકશન ધ્યાનમા રાખતા, આ કામે લાંબા સમયથી કોઈ કાર્યવાહી થયેલ નથી ત્યારે રેકર્ડકીય સમગ્ર હકીકત નજર સમક્ષ રાખતા નીચે મુજબ હુકમ કરવો યોગ્ય ન્યાયી અને વ્યાજબી જણાયેલ છે.

**:: હુ ક મ ::**

હાલની ફરિયાદ ક્રિ.પ્રો.કોડ કલમ–૨૫૬ની જોગવાઈ મુજબ ફરિયાદીની બેદરકારી અને કસુરના કારણે (ડિસમીસ ફોર ડિફોલ્ટ) યાને કે કાઢી નાંખી, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૭/૦૧/૨૦૨૫.
અમદાવાદ.

**(હર્ષિત ડાહયાભાઈ પટેલ)**
**૨૮માં એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**અમદાવાદ શહેર.**
(GJ 01082)